# પ્રસારભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1. રાષ્ટ્રપતિએ વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન-ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી બિલ, 2025 ને મંજૂરી આપી
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના ડિબ્રુગઢ જિલ્લાના નામરૂપમાં 10 હજાર 600 કરોડથી વધુના ખાતર પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો.
3. ભારતીય અવકાશ સંશોધન સંગઠન બુધવારે સંચાર ઉપગ્રહ બ્લુબર્ડ બ્લોક-2 નું પ્રક્ષેપણ કરશે
4. હવામાન વિભાગે આજે પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં ગાઢ ધુમ્મસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું
5. પાકિસ્તાનની અંડર-19 ક્રિકેટ ટીમે દુબઈમાં રમાયેલી ફાઇનલમાં ભારતને 191 રનથી હરાવીને એશિયા કપ જીત્યો

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## REV. PREZ - GRAMG ASSENT EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન-ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી બિલ, 2025 ને મંજૂરી આપી છે.

સંસદે શિયાળુ સત્ર દરમિયાન આ બિલ પસાર કર્યું. આ કાયદો ગ્રામીણ પરિવારો માટે વૈધાનિક વેતન રોજગાર ગેરંટીને નાણાકીય વર્ષમાં 125 દિવસ સુધી લંબાવશે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે આ ગ્રામીણ રોજગાર નીતિમાં સુધારા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ કાયદો સશક્તિકરણ, સમાવિષ્ટ વિકાસ, વિકાસ પહેલનો તાલમેલ અને જરૂરિયાતમંદોને લાભ પૂરા પાડવા માટે પ્રોત્સાહન આપે છે. વિકસિત ભારત- જી રામ જી કાયદો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) 2005 ના સ્થાને  લાવવામાં આવ્યો છે.

----------

## Chauhan - G Ram G

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે વિકસિત ભારત-જી રામ જી બિલ એ મનરેગાનું એક ઉન્નત સંસ્કરણ છે, જે વિકાસ અને ગરીબોના હિતમાં છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે જણાવ્યું હતું કે આ વિધેયક ગ્રામીણ પરિવારોના પુખ્ત સભ્યો માટે વર્તમાન 100 દિવસને બદલે 125 દિવસની રોજગારીની ગેરંટી આપે છે.

(BYTE – SHIVRAJSINH CHAUHAN)

તેમણે કહ્યું કે પંચાયત સચિવો, આયોજન સહાયકો અને ટેક્નિકલ કર્મચારીઓ માટે સમયસર અને પર્યાપ્ત પગાર સુનિશ્ચિત કરવા માટે વહીવટી ખર્ચ 6 ટકાથી વધારીને 9 ટકા કરવામાં આવ્યો છે. આ વિધેયક ગામડાઓનો વિકાસ કરશે, તેમને આત્મનિર્ભર અને ગરીબીમુક્ત બનાવશે. આ બિલ વિકસિત ભારતના વિઝન સાથે સુસંગત છે.

----------

## PM - ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આસામના ડિબ્રુગઢ જિલ્લાના નામરૂપમાં 10 હજાર 600 કરોડથી વધુના ખર્ચે ખાતર પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય પ્રદેશમાં ખાતર ઉત્પાદનને મજબૂત બનાવવા અને કૃષિ વિકાસને ટેકો આપવાનો છે. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે આ પ્લાન્ટ ખાતરની આયાત પરની નિર્ભરતા ઘટાડશે અને રોજગારની તકો ઉભી કરશે.

(BYTE - PM---FERTILISER-BENEFITS)

શ્રી મોદીએ વધુમાં કહ્યું કે કેન્દ્ર સરકાર ખેડૂતોને ખાતર પર નોંધપાત્ર સબસિડી પૂરી પાડે છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે વિકસિત ભારતના ધ્યેયને પ્રાપ્ત કરવામાં આસામ મુખ્ય ભૂમિકા ભજવશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ડબલ એન્જિન સરકાર હવે કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉભી કરાયેલી સમસ્યાઓનો ઉકેલ લાવી રહી છે. 2014 માં, સમગ્ર દેશમાં ફક્ત 22.5 મિલિયન મેટ્રિક ટન યુરિયાનું ઉત્પાદન થયું હતું. દસથી અગિયાર વર્ષની મહેનત પછી, આ ઉત્પાદન વધીને આશરે ત્રણસો છ લાખ

મેટ્રિક ટન થયું છે. શ્રી મોદીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટી ઘૂસણખોરોને બચાવવા માટે SIRનો વિરોધ કરી રહી છે.

(BYTE – PM ON SIR)

આ પહેલા, પ્રધાનમંત્રીએ ગુવાહાટીના પશ્ચિમ બોરાગાંવમાં શહીદ સ્મારક વિસ્તારમાં આસામ ચળવળના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

શ્રી મોદીએ "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમના ભાગ રૂપે ગુવાહાટીમાં આસામના 25 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. આ ચર્ચાઓ બ્રહ્મપુત્ર નદી પર ક્રુઝ પર થશે. શ્રી મોદીએ ગઈકાલે ગુવાહાટીના લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું હતું.

----------

## VP - MEDITATION

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું છે કે ધ્યાન પરિવર્તન લાવવાની, સકારાત્મક અને સમાવિષ્ટ સમાજનું નિર્માણ કરવાની શક્તિ ધરાવે છે. આજે બીજા વિશ્વ ધ્યાન દિવસ પર હૈદરાબાદના કાન્હા શાંતિવનમ ખાતે બોલતા, તેમણે કહ્યું કે હાર્ટફુલનેસ ચળવળ શાંતિ, સંવાદિતા અને આધ્યાત્મિક સુખાકારી માટે નોંધપાત્ર કાર્ય કરી રહી છે.

ડો. રાધાકૃષ્ણને કહ્યું કે ધ્યાન ભારતની પ્રાચીન આધ્યાત્મિક પરંપરાનો એક ભાગ છે, જે મન અને ચેતનાનું વિજ્ઞાન છે. તેમણે લોકોને તેમના રોજિંદા દિનચર્યામાં ધ્યાનનો સમાવેશ કરવા અપીલ કરી.

----------

## ISRO satellite launch

ભારતીય અવકાશ સંશોધન સંગઠન - ISRO બુધવારે સંચાર ઉપગ્રહ બ્લુબર્ડ બ્લોક-2 નું પ્રક્ષેપણ કરશે. અમેરિકા સ્થિત AST સ્પેસમોબાઇલ કંપનીની માલિકીનો આ ઉપગ્રહ LVM-3-M6 રોકેટ દ્વારા પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં પ્રક્ષેપિત થનાર અત્યાર સુધીનો સૌથી મોટો વાણિજ્યિક ઉપગ્રહ હશે. આ બ્લુબર્ડ બ્લોક-2 ઉપગ્રહ આગામી પેઢી માટે છે, જે અવકાશમાંથી સીધા સામાન્ય સ્માર્ટફોન મોબાઇલને સેલ્યુલર બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે રચાયેલ છે.

ISRO દ્વારા વિકસિત ત્રણ-તબક્કાનું પ્રક્ષેપણ વ્હીકલ, LVM-3, એ ગયા મહિને M-5 CMS-03 મિશન પણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું.

----------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## RAILWAYS-FARE RATIONALIZATION

આ મહિનાની 26મી તારીખથી રેલ્વે ભાડાને તર્કસંગત બનાવવામાં આવી રહ્યા છે. 215 કિલોમીટર સુધીની સામાન્ય શ્રેણીની મુસાફરી માટે ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. આ અંતરથી વધુ મુસાફરી માટે, પ્રતિ કિલોમીટર એક પૈસો ભાડું વધશે. મેઇલ, એક્સપ્રેસ અને એર-કન્ડિશન્ડ ટ્રેનો માટે આ દર 2 પૈસા પ્રતિ કિલોમીટર રહેશે. ઉપનગરીય અને માસિક સીઝન ટિકિટ માટે ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

રેલ્વેના જણાવ્યા અનુસાર, ભાડા વધારાથી આશરે 600 કરોડ રૂપિયાની વધારાની આવક થશે.

----------

## GeM-Record

નવેમ્બર સુધીમાં સરકારના ઈ-માર્કેટપ્લેસ, GeM પર 1.1 મિલિયનથી વધુ નોંધાયેલા સૂક્ષ્મ અને નાના ઉદ્યોગ - વિક્રેતાઓ નોંધાયેલા હતા. આ વિક્રેતાઓને 7 લાખ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના ઉત્પાદનો માટે ઓર્ડર મળ્યા હતા.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ ઓર્ડર GeM દ્વારા આપવામાં આવેલા કુલ ઓર્ડર મૂલ્યના 44 ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે, જે 25 ટકાના ફરજિયાત વાર્ષિક ખરીદી લક્ષ્ય કરતાં વધુ છે.

GeM એક ડિજિટલ પ્લેટફોર્મ છે જે MSEs, મહિલા ઉદ્યોગસાહસિકો, સહિત અન્ય સ્ટાર્ટઅપ્સને સરકારી ખરીદીમાં ભાગ લેવા અને વિવિધ ક્ષેત્રોમાં ઓર્ડર પ્રાપ્ત કરવા સક્ષમ બનાવે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે GeM પ્લેટફોર્મ પર 2 લાખથી વધુ મહિલા માલિકીના સાહસોને પણ 78 હજાર કરોડથી વધુ મૂલ્યના સંચિત ઓર્ડર પ્રાપ્ત થયા છે.

----------

## Mohan Bhagwat

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - RSS ના વડા ડૉ. મોહન ભાગવતે કહ્યું કે રાષ્ટ્રના વિકાસ માટે સમાજમાં સંગઠન હોવું આવશ્યક છે. આજે RSS ની શતાબ્દી નિમિત્તે કોલકાતાના સાયન્સ સિટી ખાતે આયોજિત એક કાર્યક્રમમાં તેમણે ભારતમાં હિન્દુ સમાજને સંગઠિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ડૉ. ભાગવતે સ્પષ્ટતા કરી કે RSS કોઈના વિરોધ કે પ્રતિક્રિયાથી રચાયું નથી. RSS કોઈ વ્યક્તિગત કે સંગઠનાત્મક લાભ માટે કામ કરતું નથી.

----------

## US visa verification

અમેરિકાએ ગેરપ્રવાસી વિઝા ધારકોની ચકાસણી કડક બનાવી છે, વિઝા માટેના ઇન્ટરવ્યુમાં વિલંબ કરવામાં આવ્યો છે. અરજદારોની સોશિયલ મીડિયા પોસ્ટ્સની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે, અને વિઝા સ્ટેમ્પિંગ સ્થાનો મર્યાદિત કરવામાં આવ્યા છે.

માન્ય વિઝા ધારકોને ચેતવણી આપવામાં આવી છે કે આંતરરાષ્ટ્રીય મુસાફરી તેમના માટે પણ જોખમો વધારે છે. અમેરિકાના ઇમિગ્રેશન એટર્ની અપર્ણા દવેના જણાવ્યા અનુસાર, આ ફેરફારો H-1B, F-1 અને J-1 વિઝા

સહિત તમામ શ્રેણીના વિઝાના અરજદારોને અસર કરે છે. તેમણે વધુમાં કહ્યું કે અરજદારોએ હવે તેમના ખાતા જાહેર કરવાની જરૂર પડી શકે છે.

----------

## MEA - Bangladesh High Commission

ભારતે સ્પષ્ટતા કરી છે કે નવી દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર એકઠા થયેલા પ્રદર્શનકારીઓએ કોઈપણ સુરક્ષા ભંગ કરવાનો પ્રયાસ કર્યો ન હતો. મીડિયાના પ્રશ્નના જવાબમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ગઈકાલે કેટલાક યુવાનો બાંગ્લાદેશ હાઈકમિશનની સામે બાંગ્લાદેશના મૈમનસિંઘમાં દીપુ ચંદ્ર દાસની હત્યાના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રદર્શનકારીઓએ બાંગ્લાદેશમાં લઘુમતીઓના રક્ષણની પણ માંગ કરી હતી.

મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે સ્થળ પર તૈનાત પોલીસે થોડીવારમાં જ પ્રદર્શનકારીઓને હટાવી દીધા હતા. બાંગ્લાદેશી મીડિયાના કેટલાક વર્ગ આ ઘટના અંગે ભ્રામક માહિતી ફેલાવી રહ્યા છે, જ્યારે આ ઘટના સંબંધિત પુરાવા જાહેરમાં ઉપલબ્ધ છે. ભારતે દીપુ ચંદ્ર દાસની ક્રૂર હત્યા માટે જવાબદાર લોકોને સજાની માંગ કરી હતી.

----------

## WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં ગાઢ ધુમ્મસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આવતીકાલે દિલ્હી, હરિયાણા,

ચંદીગઢ, ઉત્તરાખંડ, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને ઉત્તરપૂર્વ ભારતમાં પણ ગાઢ ધુમ્મસ છવાઈ જશે. કર્ણાટક, મધ્ય મહારાષ્ટ્ર, તેલંગાણા, બિહાર, પૂર્વી ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ઠંડીનું તીવ્ર મોજું ફરીવળે શકે તેવી શક્યતા છે.

દરમિયાન, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં છે. આજે બપોરે 1 વાગ્યે દિલ્હીમાં સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક 376 નોંધાયો હતો.

----------

## Cricket Under-19

પાકિસ્તાનની અંડર-19 ક્રિકેટ ટીમે આજે દુબઈમાં રમાયેલી ફાઇનલમાં ભારતને 191 રનથી હરાવીને એશિયા કપ જીત્યો છે.

348 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારત 26.2 ઓવરમાં 156 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

આ પહેલા, પ્રથમ બેટિંગ કરતા, પાકિસ્તાને નિર્ધારિત 50 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને 347 રન બનાવ્યા.

સમીર મિન્હાસને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યો.

----------